**GUJARAT BILL NO. 9 OF 2023.**

# THE GUJARAT WATER POLLUTION (PREVENTION AND PURIFICATION OF RIVERS) BILL, 2023

***A BILL***

*to provide for the control, regulation, maintenance and restoration and wholesomeness of river water with a view to purification of rivers in the State of Gujarat and matters connected therewith.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૯ .**

## ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક, ૨૦૨૩

ગુજરાત રાજ્યમાં નદીઓના શુદ્ધીકરણ માટે, નદીના પાણીના નિયંત્રણ, નિયમન, નિભાવ અને પુન:સ્થાપન માટેની તથા આરોગ્યપ્રદ પાણી માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા માટેનું વિધેયક.

નદીઓમાં પાણી પ્રદૂષણનું સ્તર અને પ્રમાણ એ સ્તરે વધી ગયું છે કે તે લોકોના આરોગ્ય અને સલામતીને ધ્યાનમાં લેતાં માનવ વપરાશ માટે જોખમી બન્યું છે.

અને નદીનું પાણી સૂક્ષ્મ જીવાણુંઓથી દૂષિત થયેલું છે અને તમામ પ્રકારના રસાયણોથી ભરેલું છે.

અને પરિસ્થિતિવિજ્ઞાનીઓનો એવો મત છે કે નદીઓમાં પાણીના પ્રદૂષણની પ્રતિકૂળ અસરો જોખમકારક સ્તરે છે અને તે અંગે તપાસ કરવામાં નહી આવે, તો તે માનવ જીવનને ભારે નુક્સાન તરફ દોરી શકશે.

અને નદીઓના શુદ્ધીકરણની શરૂઆત કરવાને અને પાણીના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાને તથા કારખાનામાંથી પ્રક્રિયા કર્યા વગરનો કચરો અને નુકસાનકારક રસાયણો નદીઓમાં ફેંકીને જળસંપત્તિને પ્રદૂષિત કરતી અટકાવવાને ખૂબ જ મહત્વની બાબત ગણી છે.

અને તે માટે ઉચિત પગલા લેવાનું જરૂરી જણાયું છે.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. **૨.** (ક) "સત્તામંડળ" એટલે કલમ ૩ હેઠળ નીમાયેલું રાજ્ય સ્વચ્છ નદી અભિયાન સત્તામંડળ.

(ખ) "પ્રદૂષિત પાણી" એટલે ભૌતિક, રાસાયણિક અથવા જીવવિજ્ઞાન વિષયક ગુણધર્મની રીતે આવશ્યક શુદ્ધતાના સંદર્ભમાં માનવ વપરાશ માટે ઉપયોગી ન હોય અથવા ગટરનું ગંદું પાણી અથવા ઔદ્યોગિક બગાડ અથવા જાહેર જનતાના આરોગ્યને હાનિકારક હોય, તેવા ગેસયુક્ત અથવા ઘન પદાર્થો જેમાં ઠાલવવામાં આવ્યા હોય તેવું પાણી.

સત્તામંડળની સ્થાપના. **૩.** (૧) રાજ્ય સરકારે, રાજ્ય સ્વચ્છ નદી અભિયાન સત્તામંડળ નામનું સત્તામંડળ સ્થાપવું જોઇશે.

(૨) સત્તામંડળ નીચેના સભ્યોનું બનેલું રહેશે.

(ક) જળસંપત્તિ મંત્રી – અધ્યક્ષ;

(ખ) જળ વ્યવસ્થા અંગેના રાજ્ય સરકારના સલાહકાર – સભ્ય;

(ગ) સચિવ, જળસંપત્તિ વિભાગ – સભ્ય;

(ઘ) સભ્ય–સચિવ, ગુજરાત જળ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ – હોદ્દાની રૂએ સભ્ય;

સત્તામંડળે નદીના પાણીની શુદ્ધતાનું નિયમન કરવા બાબત. **૪.** (૧) સત્તામંડળે, માનવ વપરાશ માટે જળ શુદ્ધતાના પરવાનગીપાત્ર સ્તરના સંબંધમાં નિયમનો માટેના ધોરણો ઠરાવવા જોઇશે અને પાણીની ગુણવત્તા અને પર્યાવરણલક્ષી નિરંતર વિકાસને સુનિશ્ચિત કરવાના હેતુ સાથે રાજ્યમાં નદીઓના સંરક્ષણ(બચાવ) માટે આવશ્યક તમામ પ્રવૃત્તિઓ કરવી જોઇશે.

(૨) સત્તામંડળનો એવો અભિપ્રાય હોય કે કોઇપણ નદીની જળસંપત્તિનું ગ્રાહ્ય (પરવાનગીપાત્ર) સ્તર ઘટી રહ્યું છે, તો તેવા કિસ્સામાં, તેણે (સત્તામંડળે), સંબંધિત વ્યક્તિને, ગ્રાહ્ય (પરવાનગીપાત્ર) સ્તર પુન:સ્થાપિત (પૂર્વવત) કરવા આવશ્યક હોય તેવા પગલાનું પાલન કરાવવા આદેશ કરવો જોઇશે.

(૩) સત્તામંડળે, પંચાયતો, નગરપાલિકાઓ અથવા કોર્પોરેશનો જેવા સ્થાનિક સત્તામંડળોને, નદીના પાણીની શુદ્ધતા જાળવી રાખવા અને પાણીના સંરક્ષણ માટે તથા કારખાનામાંથી પ્રક્રિયા ન કરેલો કચરો અને જોખમકારક રસાયણો નદીઓમાં નાંખીને નદીની જળસંપત્તિને પ્રદૂષિત થતી અટકાવવા માટે પણ તમામ આવશ્યક પગલા લીધા છે, તે બાબતનું ધ્યાન રાખવા આદેશ કરવો જોઇશે.

(૪) સત્તામંડળે, નદીઓના શુદ્ધીકરણની અગત્ય બાબતે લોકોને શિક્ષણ આપવું જોઇશે અને તેમનામાં જાગરૂકતા લાવવી જોઇશે.

(૫) સ્થાનિક સત્તામંડળ, ઉપર્યુક્ત પેટા–કલમ (૩) હેઠળ સત્તામંડળે આપેલા આદેશોથી બંધાયેલું રહેશે.

(૬) સત્તામંડળે, તે સંબંધમાં વિનિયમો ઘડીને, પાણીની શુદ્ધતાનું ધોરણ ઠરાવવું જોઇશે.

**૫.** આ અધિનિયમ હેઠળનો દરેક ગુનો, પોલીસ અધિકારનો અને ઓછામાં ઓછા રૂપિયા વીસ હજારની રકમનો જામીનપાત્ર ગુનો ગણાશે. આ અધિનિયમ હેઠળ માંડેલી તમામ ફરિયાદો, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહીને પાત્ર થશે. **ગુનાની ન્યાયિક નોંધ.**

**૬.** અધિનિયમ અથવા તે હેઠળ કરેલા વિનિયમોની કોઇપણ જોગવાઇના ઉલ્લંઘન બદલ દોષિત ઠરેલી કોઇપણ વ્યક્તિને, વીસ હજાર રૂપિયાથી ઓછી નહિ, પણ ત્રીસ હજાર રૂપિયાથી વધુ નહિ, તેટલા દંડની અથવા ત્રણ મહિનાથી વધુ નહિ તેટલી કેદની સજા અથવા તે બન્ને શિક્ષા થશે. **દંડ.**

**૭.** આ અધિનિયમ હેઠળની તમામ અથવા કોઇ પણ જોગવાઇઓને પાર પાડવા માટે, સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વ–મંજૂરી સાથે, આ અધિનિયમ સાથે સુસંગત હોય, તેવા વિનિયમો કરી શકશે. **વિનિયમો કરવાની સત્તા.**

## ઉદ્દેશો અને કારણો

શુદ્ધ પીવાના પાણીની ઉપલભ્યતા, દરેક નાગરિકનો હક છે અને તે હેતુ માટે, નદીના શુદ્ધીકરણના દ્રષ્ટિકોણથી જોતા, નદીના પાણીનું નિયમન કરવું જરૂરી છે.

નદીના પાણીમાં અનિચ્છનીય તત્વોનું પ્રમાણ દિવસે–દિવસે વધી રહ્યું છે જેના કારણે પાણીમાં પ્રદૂષણ ફેલાય છે અને તેથી, આવું પાણી, લોકોના આરોગ્ય માટે હાનિકારક છે. નદીના પાણીમાં પ્રદૂષણના સ્ત્રોતોમાં, ઔદ્યોગિક બગાડ અને રાસાયણિક ઉદ્યોગો દ્વારા દૂષિત થયેલા પાણીનો સમાવેશ થાય છે. નદીમાં પ્રદૂષિત પાણી ઠાલવવાથી પણ પાણીના રાસાયણિક ગુણધર્મો બદલાય છે.

પાણીનું દરેક ટીપું જીવનનો સ્ત્રોત છે. જળ સંસાધનો કાયમી નથી તે બાબત સ્પષ્ટપણે જાણવાનો આપણા માટે અનુકૂળ સમય આવી ગયો છે. નજીકના સમયમાં જ, આપણે એક પરિવાર, સમાજ અને રાષ્ટ્ર તરીકે સ્વચ્છ પીવાલાયક પાણી મેળવવા માટેનો સંઘર્ષ કરવો પડશે. આપણે જળ સંરક્ષણ પર અને આપણી નદીઓને પ્રદૂષિત થતી અટકાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

વર્તમાન સમયમાં નદીઓના શુદ્ધીકરણનું નિયમન કરવા કોઈપણ પર્યાપ્ત સત્તા નથી. લોક–માધ્યમ મારફત કાર્યક્રમનું આયોજન કરીને, આ મુદ્દા પર લોકોને શિક્ષિત કરવા અને તેમનામાં જાગૃતિ લાવવી પણ એટલી જ જરૂરી છે.

નદીના શુદ્ધીકરણના હેતુ માટે, રાજ્ય સરકારે, નદીઓની સ્વચ્છતા માટેના કાર્યક્રમોની શરૂઆત કરી છે અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશોનું અમલીકરણ કરવા માટે તમામ પ્રયત્નો પણ કર્યા છે.

તેમ છતાં, નદીઓના શુદ્ધીકરણ પર સર્વગ્રાહી કાયદાની જોગવાઈ કરવા માટેના ઉદ્દેશથી, આ અધિનિયમ અધિનિયમિત કરવાનું ધાર્યું છે.

તેથી, આ વિધેયક.

**ગાંધીનગર,** **અમિત શાહ,**
**તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:–

વિધેયકની કલમ ૩થી, સત્તામંડળને, પાણીની શુદ્ધતાના ધોરણની જાળવણી માટે વિનિયમો ઘડવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૭થી, સતામંડળને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, વિનિયમો ઘડવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**ગાંધીનગર,** **અમિત શાહ,**
**તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯ ]**

ગુજરાત રાજ્યમાં નદીઓના શુદ્ધિકરણ માટે, નદીના પાણીના નિયંત્રણ, નિયમન, નિભાવ અને પુનઃસ્થાપન માટેની તથા આરોગ્યપ્રદ પાણી માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા માટેનું વિધેયક.

**[ શ્રી અમિત શાહ,**

**વિ.સ.સ. ]**

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩જી તારીખે ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

<u>**Gujarat Bill No. 9 of 2023.**</u>

**THE GUJARAT WATER POLLUTION (PREVENTION AND PURIFICATION OF RIVERS) BILL, 2023.**

***A BILL***

*to provide for the control, regulation, maintenance and restoration and Wholesomeness of river water with a view to purification of rivers in the State of Gujarat and matters connected therewith.*

Whereas, the level and intensity of Water Pollution in the rivers has reached at a level which is hazardous to Human consumption looking to the health and safety of the people.

And whereas, the river water is contaminated with microbes and laced with all sorts of chemicals.

And whereas, ecologists are of the view that the ill effects of the Water pollution in the rivers is at the alarming level and unless checked may lead to irreparable loss to human life.

And whereas, it is considered at most important to start purification of rivers and focus on water conservation and prevent polluting out water resources by throwing untreated waste and harmful chemicals from factories into rivers.

And whereas, it is considered necessary to take appropriate measures for the same.

It is hereby enacted in the Seventy fourth Year of Republic of India as follows:

**1.** (1) This Act may be called the Gujarat Prevention of Water Pollution and Purification of Rivers Act, 2023. **Short title, extent and commencement.**

(2) It shall extend to the whole of the State of Gujarat.

(3) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**2.** (a) "Authority" means State Mission for Clean Rivers Authority appointed under Section 3. **Definitions.**

(b) "Polluted Water" mean water not useful for the purpose of human consumption in context of the required purity by Physical, Chemical or Biological properties of water or having discharge of any sewage or trade effluent or gaseous or solid substance into water injurious to public health.

**3.** (1) The State Government shall establish an Authority namely, State Mission for Clean Rivers Authority. **Establishment of Authority.**

(2) The Authority shall consist of the following members.

(a) Minister for water resources – Chairman;

(b) Adviser to State Government on water management – Member;

(c) Secretary, Water resources department – Member;

(d) Member Secretary, Gujarat Water Pollution Control Board – Ex. Officio Member;

**Authority to regulate purity of river water.**

**4.** (1) The Authority shall prescribe standards for regulations regarding permissible level of Purity of water for human consumption and carry out all activities necessary for protection of rivers in the State with a aim of ensuring water quality and environmentally sustainable development.

(2) In case, where the Authority is of the opinion that with respect to any river water resources the permissible level of purity is decreased it shall issue directions to concerned person to comply with such measures required to restore permissible level.

(3) The Authority shall direct the local Authority such as Panchayats, Municipalities or Corporations to see that all necessary steps are taken to maintain purity of river water and for water conservation and also to prevent polluting river water sources by throwing untreated waste and harmful chemicals from the factories into rivers.

(4) The Authority shall take measures to educate and aware people on the importance of purification of rivers.

(5) The Local authority shall be bound by the direction issued by the Authority under sub-section (3) above.

(6) The Authority shall prescribe standard of purity of water by framing regulations in that regard.

**Cognizance of offence.**

**5.** Every offence under this Act shall be cognizable and bailable for a minimum sum of rupees twenty thousand. All prosecutions under this Act shall be triable by the Metropolitan Magistrate Court.

**Penalties.**

**6.** Any person who is guilty of violating any of the provision of the Act or regulations made thereunder shall be punished with fine of not less than rupees twenty thousand but not exceeding rupees thirty thousand or be sentenced to imprisonment not exceeding three months or both.

**Power to make regulations.**

**7.** The Authority with previous approval of the State Government may make regulations, consistent with this Act, for carrying out all or any of the provisions under this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

Availability of purified drinking water is right of every citizen and for that purpose it is necessary to regulate the river waters from purification of river point of view.

The magnitude of unwanted elements in the river water increases day by day which leads to pollution in water and hence such water is hazardous to the health of people. Sources of pollution in the river water includes industrial waste and contemplated water by chemical industries. Throwing of polluted water in the river also alters the chemical properties of water.

Every drop of water is source of life. It is high time we realize that water resources are not permanent. Soon, we as a family, society and Nation will be struggling to get clean potable water. We have to focus on water conservation and stop polluting our rivers.

At present, there is no adequate power to regulate the purification of rivers. It is also equally necessary to educate people and bring awareness on this issue by organizing programs through mass media.

For the purpose of river purification, the State Government has initiated programs for cleanliness of rivers and have also made all efforts to implement the instructions of National Green Tribunal.

However, with a view to provide comprehensive law on the purification of rivers it is proposed to enact this Act.

Hence, this Bill.

**Gandhinagar,** **AMIT SHAH,**
**Dated the 7th February, 2023.** **M.L.A.**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves the delegation of legislative power in the following respect: -

Clause 3 of the Bill empowers the authority to frame regulations for maintenance of standard of purity of water.

Clause 7 of the Bill empowers the authority to frame regulations for carrying out the purposes of the Act.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

**Gandhinagar,** **AMIT SHAH,**
**Dated the 7th February, 2023.** **M.L.A.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**[ GUJARAT BILL NO. 9 OF 2023. ]**

**A BILL**

*to provide for the control, regulation, maintenance and restoration and Wholesomeness of river water with a view to purification of rivers in the State of Gujarat and matters connected therewith.*

**[ AMIT SHAH,**

**M. L. A. ]**

(As published in the Gujarat Government Gazette of the 3rd March, 2023)

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

------------

Government Central Press, Gandhinagar.